# સળંગ ત્રણ રજાઓના પગલે શહેરમાં મીની વેકેશનનો માહોલ

**વાતાવરણ પણ હિલ સ્ટેશન જેવું સર્જાતા પાટનગરવાસીઓ આરામના મૂડમાં : માર્ચ એન્ડિંગથી થાકેલાં અધિકારી-કર્મચારીઓ માટે 'મીની વેકેશન' સ્ટ્રેસ રિલીઝ કરનારું**

ગાંધીનગર તા.૦૭

આજર ગુડ ફ્રાઈડે, આવતીકાલે મહિનાનો બીજો શનિવાર અને ત્યાર બાદ રવિવારની રજાને પગલે પાટનગરમાં સચિવાલય સહિત સરકારી કચેરીઓ અને બેંક્રો-શાળાઓ વગેરેમાં પણ રજાઓ હોવાથી શહેરમાં અત્યારે "મીની વેકેશન"નો માહોલ સર્જાયો છે. બીજી તરફ શહેરના વાતાવરણમાં ફરી એક પલટો આવવા સાથે આકાશમાં વાદળો છવાતાં ભર ઉનાળે 'ઠંડક' સાથે હિલ સ્ટેશન જેવી સ્થિતિ પાટનગરમાં જોવા મળી રહી છે જેના કારણે શહેરમાં મોટાભાગના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સળંગ ત્રણ દિવસ રજાઓના મીની વેકેશનને માણવાના મૂડમાં છે

જે પૈકી કેટલાંકે તો પરિવાર સાથે કે મિત્રો સાથે બહારગામ ફરવા જવા પન ઉપડી ગયાં છે. હાલ શહેરના માર્ગો પર ટ્રાફિકમાં પણ ખૂબ ઘટાડો જોવા મળી રહ્યો છે.

એકતરફ વિધાનસભાનું બજેટ સત્ર અને બીજી તરફ માર્ચ એન્ડિંગના કામના ભારણને પગલે છેલ્લાં એક માસથી પાટનગરની મોટા ભાગની સરકારી કચેરીઓમાં રજાના દિવસોએ પણ અધિકારીઓ અને કર્મચારીઓ કામ કરતાં જોવા મળ્યાં હતા.

સતત એક માસથી પણ વધુ સમયના આ સળંગ વર્કલોડને પગલે માનસિક અને શારિરીક રીતે પણ થાકેલાં સરકારી બાબુઓ માટે તા.૭, ૮ અને ૯ એપ્રિલની સળંગ ત્રણ રજાઓ ભારે રાહત લઈને આવી છે અને આ ત્રણ દિવસનું "મીની વેકેશન" તેમના માટે સ્ટ્રેસ રિલીઝ કરનારું સાબિત થઈ રહ્યું છે. આ રજાઓનો ઉપયોગ પરિવાર સાથે સમય વિતાવવા, પડતર સામાજિક કાર્યો નીપટાવવા સાથે "રીફ્રેશ" અને "રીચાર્જ" થવા ઉપયોગી બન્યું છે અને આ મીની વેકેશનને માણવા અનેક સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પરિવાર સહિત બહારગામ ફરવા પણ ઉપડી ગયાં છે અથવા તો વતનમાં લટાર મારવા "ગામડે" પંહોચી ગયાં છે.

વળી, પાટનગર સહિત રાજ્યભરના વાતાવરણમાં ફરી પલટો આવ્યો છે અને શહેરના આકાશમાં વાદળો છવાતાં પ્રસરેલી ઠંડકને કારણે ગાંધીનગર હાલ હિલ સ્ટેશન જેવું ભાસી રહ્યું છે જેના કારણે પણ શહેરીજનો "આરામ"ના મૂડમાં જોવા મળી રહ્યાં છે. સરકારી કચેરીઓ સહિત બેંક્રો-શાળાઓ વગેરે પણ બંધ હોવાને પગલે શહેરના માર્ગો પર એકાએક ટ્રાફિક સાવ હળવો થઈ ગયો છે.

# સેક્ટર-૩૦માં વારંવાર ગટર ઉભરાતા વસાહતીઓ પરેશાન





ગાંધીનગર, તા. ૭

શહેરના સેક્ટર-૩૦ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાય છે. વારંવાર રજૂઆતો કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. ગટરો ઉભરાવવાની સમસ્યાના કારણે અહીંના વસાહતીઓને રહેવુ મુશ્કેલ બની ગયું છે. શહેરના જુના સેક્ટરમાં જેની ગણના થાય છે તેવા સેક્ટર-૩૦માં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાય છે. ગટરો ઉભરાવવાની સમસ્યાથી સ્થાનિક વસાહતીઓ રીતસર ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર ઉભરાતી ગટરોના કારણે આસપાસ ખુબ જ દુર્ગંધ ફેલાય છે જેના કારણે વસાહતીઓને સતત બારી-બારણા બંધ રાખવા પડે છે. ગટર ઉભરાતી હોય ત્યાંથી તો પસાર થવુ મુશ્કેલ બને છે. સ્થાનિક વસાહતીઓએ આ અંગે ડ્રેનેજ વિભાગને અવારનવાર જાણ કરી હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. આ ઉપરાંત સ્થાનિક કોર્પોરેટરને પણ આ બાબતે રજૂઆત કરાઈ હતી. મનપાની સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જસવંતભાઈ પટેલને આ બાબતની ફરિયાદ મળતા તેઓએ પણ જે તે અધિકારીનો સંપર્ક કરી સમસ્યાનો ઉકેલ લાવવા જણાવ્યુ હોવા છતાં ગટરો ઉભરાવવાની સમસ્યા જૈસે થૈ રહી છે. વસાહતીઓ ખરેખર ખુબ જ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.



ગાંધીનગરને સ્વચ્છ રાખવા અનેક પ્રયાસો કરવામાં આવે છે પરંતુ વારંવાર સફાઈ વ્યવસ્થા ખોરવાઈ જાય છે. ક્યારેક કચરો ઉપાડવાની ગાડી આવતી નથી તો ક્યારેક સફાઈકર્મીઓ હડતાલ પર ઉતરી જાય છે. જેના કારણે શહેરમાં ઠેર ઠેર કચરો જોવા મળે છે. એસ.ટી. ડેપોની બહાર કચરાપેટીની બહાર પડેલો કચરાનો ઢગલો ખોરવાયેલી સફાઈ વ્યવસ્થાની ચાડી ખાય છે.

# આજે શહેરના યુવાનોનું "સાબરમતી કોલિંગ"

**ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં હાથ ધરાશે સ્વચ્છતા અભિયાન**

ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા આવતીકાલે તા.૮મી એપ્રિલના રોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતાં આ ગૃપના યુવાનોએ જ્યારે શાહપુર બ્રિજ પરથી પ્લાસ્ટિક સહિતના અઢળક કચરાના ઢગથી ખરડાયેલી સાબરમતી નદીની હાલત જોઈ ત્યારે તેમને થયું કે લોકમાતાને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર એકલાં તંત્રની જ નથી, આપણાં સૌની છે અને તે સાથે જ તેમણે "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન છેડવાનું નક્કી કર્યુ અને તેમના આ અભિયાનને "આપણું એક પગલું પ્રકૃતિ માટે" કહીને અન્યોને પણ જોડાવા માટે હાકલ કરી છે.

આજની યુવા પેઢી બે ભાગમાં વંહેચાયેલી છે, એક એ છે જે યુવાનો ક્યાં તો મા-બાપના પૈસાના જોરે કે પછી શારિરીક સૌષ્ઠવના ગુમાનમાં ધૂમ બાઈકિંગ કે તેવી અન્યો માટે પરેશાનીરૂપ બને તેવી પ્રવૃતિઓ અને વ્યસન-નશો કરીને માત્ર સોશિયલ મિડીયા પર "રોલા" પાડવામાં જ પોતાની "બહાદુરી' સમજે છે અને બીજી એ છે જે પોતાની કર્તવ્ય નિષ્ઠા સાથે સમાજને ઉપયોગી એવા કાર્યોમાં "સ્વયંભૂ" રીતે જોડાય છે પછી તે કોઈ જરૂરિયાતમંદને મદદરૂપ થવાનું કામ હોય, પ્રાણી-પક્ષીઓના રેસ્ક્યુનું કામ હોય, ક્યાંક કોઈ સામાજિક કે રાષ્ટ્રીય મુદ્દે જાગૃતિ ફેલાવવાનું કામ હોય કે પછી પર્યાવરણ જાળવણી માટે સ્વચ્છતા અભિયાન સહિતની પ્રવૃતિઓ હોય. તેઓ આ કાર્યોની સોશિયલ મિડીયા પર પોસ્ટ પણ બીજાને "દેખાડવાં" માટે નહીં પરંતુ બીજાઓને તેમાંથી પ્રેરિત કરીને વધુને વધુ યુવાનોને પોઝિટિવ પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા માટે હોય છે. ગાંધીનગરમાં આવી જ પોઝિટિવ વિચારધારા ધરાવતા કેટલાંક યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા આવતીકાલે તા.૮મી એપ્રિલના રોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેમાં જે કોઈને આ કાર્યમાં રસ પડે તેને સ્વૈચ્છિક રીતે જોડાઈ જવા તેમણે સોશિયલ મિડીયા થકી હાકલ કરી છે. યુવાનોએ જોડાવા માંગતા જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦ ૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.

# સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હનુમાન જયંતિની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરનાં ખુબ જ જુના અને જાણીતા સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા મહાપ્રતાપી શ્રીકષ્ટભંજન-હનુમાનજીનું ચૈત્રી પૂનમે વિશેષ પૂજા પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હનુમાનજીની સમૂહ પ્રાર્થના, સંકીર્તન, શ્રી હનુમાન ચાલીસનો પાઠ, મંત્ર ધુન્ય, સમુહ આરતી વગેરે કાર્યક્રમમાં હજારો ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસગે મંદિરનાં વિદ્વાન વડીલ સંત પૂ.શાસ્ત્રી હરિકેશવદાસજીએ પ્રાસંગિક આશીર્વચનમાં હનુમાનજીનો મહિમા તથા હનુમાજીના જીવનમાંથી લેવાની પ્રેરણાના મનનીય પ્રસંગો કહ્યા હતા.

આ પ્રસંગે રાજકીય મહાનુભાવો સહિત ખૂબજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તોએ શ્રધ્ધા અને શિસ્ત સાથે લ્હાવો લીધો હતો.

# મહુડી ચોરી કેસ : આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

**મહુડીના બે ટ્રસ્ટીઓ સામે ચોરીની ફરિયાદ નોંધાઈ છે : ટ્રસ્ટી નિલેશભાઈ મહેતા તથા સુનિલભાઈ મહેતા સામે મંદિરના ભંડારમાંથી ઊચાપત કરી હોવાની ફરિયાદ**

ગાંધીનગર, તા.૭

ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ મહુડીના બે ટ્રસ્ટીઓ સામે ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મંદિરના અન્ય ટ્રસ્ટીએ માણસા પોલીસ સ્ટેશનમાં ૪૫ લાખનું સોનાનું વરખ અને સોનાની ચેઈન ચોર્યાની ફરિયાદ નોંધાવી છે. તે ઉપરાંત આરોપી ટ્રસ્ટીઓ પર મંદિરના ભંડારમાંથી રોકડ રકમની પણ ઉચાપત કરી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. માણસા પોલીસે બંને ટ્રસ્ટીઓની ધરપકડ કરીને તેમને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં. માણસા કોર્ટે બંનેના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતના સુપ્રસિદ્ધ જૈન તીર્થ તરીકે જાણિતા મહુડી મંદિરમાં આઠ ટ્રસ્ટીઓ છે. આ આઠ ટ્રસ્ટીઓમાંથી ભૂપેન્દ્ર શાંતિલાલ વોરાએ માણસા પોલીસ સ્ટેશનમાં અન્ય ટ્રસ્ટી નિલેશભાઈ મહેતા તથા સુનિલભાઈ મહેતા સામે મંદિરમાંથી ભગવાનનું સોનાનું વરખ અને સોનાની ચેઈન સહિત મંદિરના ભંડારમાંથી રોકડ રકમની ઉચાપત કરી હોવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, ભગવાનના સોનાનો વરખ વર્ષમાં એક વખત ઉતારવામાં આવે છે. ત્યાર બાદ તેને ટ્રસ્ટીઓની હાજરીમાં ગાળવામાં આવે છે. આ વખતે આ વરખનું ૭૦૦થી ૮૦૦ ગ્રામ જેટલું વજન ઓછું નીકળતાં શંકા સેવાઈ હતી. આ બંને જણાએ મંદિરના ભંડારમાંથી પણ રોકડ રકમની ઉચાપત કરી હોવાનું જણાઈ આવ્યું હતું. આ દરમિયાન સ્ટાફના માણસોને પુછતાં તેમણે કહ્યું હતું કે, થોડા દિવસો પહેલાં નિલેશભાઈ મહેતા અને સુનિલભાઈ મહેતા આવ્યા હતાં. તેમણે અમારી હાજરીમાં સોનાના વરખની ડોલ બહાર કાઢી હતી. તેની સાથે સોના અને ચાંદીની લગડીઓ પણ બહાર કાઢી હતી. ત્યાર બાદ તેમણે અમને બધાને જમવા મોકલી દીધા હતા. અમે જ્યારે જમીને આવ્યા ત્યારે આ બંને ટ્રસ્ટીઓ પાસે બે થેલા હતાં તે ત્યાંથી ગાયબ થયેલ માલુમ પડ્યું હતું. મંદિરના અન્ય ટ્રસ્ટીઓએ સીસીટીવી ફૂટેજ ચકાસતાં આ પ્રકારની હિલચાલ હોવાનું સ્પષ્ટ પણે દેખાઈ આવ્યું હતું. જેથી ભૂપેન્દ્રભાઈ વોરાએ માણસા પોલીસ સ્ટેશનમાં આ બાબતને ફરિયાદ કરતાં પોલીસે બંને ટ્રસ્ટીઓની ધરપકડ કરી હતી.

# જુનિયર ક્લાર્કની પરીક્ષાને અનુલક્ષીને બોરિજના ગ્રામજનોનું અનોખું સેવા કેન્દ્ર

**પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો માટે બોરિજ ભવન ખાતે તદ્દન નિઃશુલ્ક રહેવા-ન્હાવાં-ધોવાની સુવિધા ઉભી કરાઇ**




ગાંધીનગર, તા.૦૭

આપણે ભાદરવી પૂનમના અંબાજીના મેળામાં પગપાળાં જતા પદયાત્રિકો માટે રહેવા-ન્હાવાં-ધોવા સહિતની સુવિધાઓ સાથે યોજાતાં સેવા કેન્દ્રોથી તો વાકેફ છીએ પરંતુ ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના સેવાભાવી ગ્રામજનો દ્વારા એક અનોખું સેવા કેન્દ્ર શરૂ કરાયું છે જેમાં રવિવારે શહેરમાં યોજાનારી જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા આવનારા ઉમેદવારોને વિના મૂલ્યે આ સુવિધા મળશે.

ગાંધીનગરમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે આવનારા ઉમેદવારોને રાતવાસો રોકાવા તથા ન્હાવા-ધોવાની સુવિધા તદ્દન વિના મૂલ્યે મળી રહે તે માટે બોરિજના ગ્રામજનો દ્વારા બોરિજ જૈન મંદિર પાસે બનાવાયેલાં "બોરિજ ભવન" ખાતે નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

છેલ્લાં ઘણાં સમયથી રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમાં પેપર ફોડવાના કૌંભાડોને કારણે ખુબ જ ચર્ચાસ્પદ બની રહી છે. ફરી એકવાર રાજ્યભરમાં તા.૯મી એપ્રિલ રવિવારે જુનિયર ક્લાર્કની પોસ્ટ માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાવાની છે જેને પગલે સમગ્ર તંત્ર એકદમ એલર્ટ મોડ પર છે. "દૂધનો દાઝ્યો છાશ પણ ફુંકી ફુંકીને પીવે" એમ સરકાર આ વખતે ખૂબ સતર્ક છે અને પેપર ફોડવાની ઘટનામાં જે તે કેન્દ્ર પર સ્થાનિક તત્વો કારગર ના નીવડે તેની તકેદારીના ભાગરૂપે ઉમેદવારોને તેમના પોતાના શહેર કે ગામ કરતાં દૂરના જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યાં છે.

આ કારણે ઉમેદવારો પરીક્ષા સમયે કેન્દ્ર પર સમયસર પંહોચી જવાય તે માટે એક દિવસ અગાઉ જ જે તે શહેરમાં પંહોચી જવાનું મુનાસિબ માની રહ્યાં છે જેના પગલે ગાંધીનગરમાં પણ રાજ્યભરના જિલ્લાઓમાંથી ઉમેદવારો શનિવારથી જ આવી પંહોંચે તેવી શક્યતા છે

અને આ ઉમેદવારોના ધસારાને કારણે શક્ય છે કે તેમને રહેવા-રોકાવાની સુવિધા મેળવવામાં મુશ્કેલી પડે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના બોરિજ ગામના ગ્રામજનોએ એક અનોખી પ્રેરણાત્મક પહેલ કરી છે જેમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે આવતાં ઉમેદવારોને રાતવાસો રોકાવા તથા ન્હાવા-ધોવાની સુવિધા તદ્દન વિના મૂલ્યે મળી રહે તે માટે ગ્રામજનો દ્વારા જૈન મંદિર પાસે બનાવાયેલાં "બોરિજ ભવન" ખાતે નિઃશુલ્ક વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થામાં તેઓ પુરુષ અને મહિલા ઉમેદવારોને રોકાવા માટે અલગ અલગ રૂમની સગવડ સાથે ગાદલાં સહિત ન્હાવાં-ધોવાની પણ સુવિધા ઉભી કરી છે જેનો તમામ ઉમેદવારો વિના સંકોચે લાભ લઈ શકે છે. આ તમામ સેવા સમસ્ત બોરિજ ગ્રામજનો દ્વારા સેવાના અભિગમ સાથે કરવામાં આવી છે તે ખરેખર નવો ચીલો ચાતરતું પ્રસંશાને પાત્ર સેવા કાર્ય છે.

**ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવવા માટેના સંપર્ક નંબરો**

સુરેન્દ્રસિંહ રાઠોડ - ૯૮૨૪૦ ૩૮૯૮૪
અંબાલાલ મકવાણા - ૯૬૬૪૫ ૬૭૬૦૮
રામસિંહ ઠાકોર - ૯૭૨૭૪ ૬૬૩૬૨
દિનેશ બી. ઠાકોર - ૯૭૩૭૪ ૮૧૭૦૩
વિજયકુમાર મકવાણા - ૯૭૨૪૯ ૭૫૩૪૬

# ગાંધીનગર શહેરના ડેપોમાંથી બે મુસાફરોના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૭

શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરી અટકવાનું નામ લેતી નથી. એસટી ડેપોમાંથી રોજ એક મુસાફરનો મોબાઈલ ચોરી થાય છે.

ત્યારે તાજેતરમાં ડેપોમાંથી પ્લેટ ફોર્મ નં-૩ અને ૯ પર બસમાં બેસવા જતા બે મુસાફરોના ખીસ્સામાંથી ચોર ટોળકી મોબાઈલ લઈ રફુચક્કર થઈ ગઈ છે.

બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિસનગર ખાતે રહેતા અશોક રણછોડભાઈ પટેલ સાંતેજ અભિક એડવર્ટાઈઝીંગ કંપનીમાં ડ્રાઈવર કમ ઓપરેટર તરીકે ફરજ બજાવે છે.

સાંતેજ થી છુટીને તેઓ ઘર તરફ જવા માટે ગાંધીનગર ડેપોમાં આવ્યા હતા.ત્યારે પ્લેટ ફોર્મ નં-૩ ખાતે બાપુનગર વડનગર બસ આવી હતી.

જેમાં બેસવા જતા સમયે ભીડભાડ હોવાથી ધક્કામુકી થઈ હતી. જયારે બસમાં બેઠા પછી તેઓને જાણ થઈ કે ખીસ્સામાંથી વીવો કંપનીનો રૂ.૧૯ હજારનો ફોન કોઈ ચોર શખ્સ લઈ ગયો હતો.

જયારે બીજા બનાવમાં ગાંધીનગરમાં પીજીમાં રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો કૌશલ બાબુભાઈ રોહિત તેના વતન જવા માટે બસની રાહ જોઈને ઉભો હતો.

તે સમયે પ્લેટ ફોર્મ નં.૯ ખાતે અમદાવાદ-બાયડ-લુણાવાડાની બસ આવી હતી. તેમાં બેસવા જતા સમયે કૌશલના પેન્ટના ખીસ્સામાં રહેલો રૂ.૧.૧૦ લાખની કિંમતનો આઈફોન-૧૪ ની ચોરી થઈ ગઈ હતી.

જયારે મોબાઈલ અંગે શોધખોળ કરી છતા મળી ન આવતા પોલીસે મથકે ફરીયાદ નોંધાઈ છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.